## ૨. રીડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવા અને નાણાં પરત કરવા

૧. નીલ કં. લીમીટેડે ૫૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૧૦નો અને ૩૦૦૦,૧૦% રિડીમેબલ પ્રેફરન્સ દરેક રૂ.૧૦૦નો બહાર પાડયા. બધા શેર પૂર્ણ ભરપાઈ છે. નફાનુકસાન ખાતે રૂ. ૧,૫૦,૦૦૦ની જમા બાકી અને સામાન્ય અનામત ખાતે રૂ.૨,૨૦,૦૦૦ બાકી છે.

ડિરેક્ટરોએ નફા માંથી જરૂરી રકમનો ઉપયોગ કરી પ્રેફરન્સ શેર રૂ.૧૦૫થી પરત કરવાનું નક્કી કર્યું. જરૂરીઆમનોંધ લખો.

૨. એક કંપની રૂ. .૧૦નો એક રૂ. ૮ ભરપાઈ એવા ૧૦% ૫૦,૦૦૦ રિડીમેબલ પ્રેફરન્સ શેરનાં નાણાં ૨૦% પ્રીમિયમથી પરત કરવા માગે છે. કંપનીના ચોપડે જામીનગીરી પ્રીમિયમ રૂ.૪૦,૦૦૦ અને નફાનુકસાન ખાતે(જમા બાકી) રૂ.૨,૦૦,૦૦૦ની બાકી છે. કંપનીએ રૂ.૧૦ નો એક એવા ઓછામાં ઓછા ઈક્વિટી શેરો ૨૦% પ્રીમિયમે બહાર પાડયા. કંપનીના ચોપડે શેર બહાર પાડવાની આમનોંધ લખો.

૩. પાર્થ કંપની લિ . તેના ૧૨% ના ૨૦,૦૦૦ રિડીમેબલ પ્રેફરન્સ શૅર દરેક રૂ. ૧૦૦નો શેર દીઠ રૂ.૭૦ ભરપાઈ ૨૫% પ્રીમિયમેં પરત કરવા માંગે છે . કંપનીના ચોપડે જામીનગીરી પ્રીમિયમ રૂ.૧,૦૦,૦૦૦, તેમજ સામાન્ય અનામત રૂ.૪,૮૦,૦૦૦ ની બાકી દર્શાવે છે. કંપનીએ રૂ.૧૦ નો એક એવા ઓછામાં ઓછા ઈક્વિટી શેરો ૨૦% પ્રીમિયમે બહાર પાડયા. કંપનીના ચોપડે શેર બહાર પાડવાની આમનોંધ લખો.

૪. સૂર્યા લિમિટેડ તેના રૂ. ૧૦૦ નો એક એવા ૬,૦૦૦ રિડીમેબલ પ્રેફરન્સ શેર કે જેના પર શેરદીઠ રૂ. ૯૦ ભરપાઇ થયા છે તેવા શેર ૧૦% ના પ્રિમિયમે પરત કરવા ઇચ્છે છે. કંપનીના ચોપડામાં નીચે મુજબની બાકીઓ છે

(અ) જામીનગીરી પ્રિમિયમ ખાતું રૂ. ૧૦,૦૦૦.

(બ) નફા-નુકસાન ખાતું (જમા-બાકી) રૂ. ૧,૦૦,૦૦૦.

કંપની દ્વારા રૂ. ૧૦૦ નો એક એવા ઓછામાં ઓછા કેટલા ઇક્વિટી શેર ૧૦% ના પ્રિમિયમે બહાર પાડ્યા હશે કે જેથી ઉપર જણાવ્યા મુજબના પ્રેફ. શેરો પરત થઇ શકે? આમ નોંધ લખો.

૫. મલય કંપની લિ . તેના ૧૫% ના ૧૦,૦૦૦ રિડીમેબલ પ્રેફરન્સ શૅર દરેક રૂ. ૧૦૦નો શેર દીઠ રૂ.૭૦ ભરપાઈ ૨૫% પ્રીમિયમેં પરત કરવા માંગે છે . કંપનીના ચોપડે જામીનગીરી પ્રીમિયમ રૂ.૧,૦૦,૦૦૦, તેમજ સામાન્ય અનામત રૂ.૪,૮૦,૦૦૦ ની બાકી દર્શાવે છે. કંપનીએ રૂ.૧૦ નો એક એવા ઓછામાં ઓછા ઈક્વિટી શેરો ૨૦% પ્રીમિયમે બહાર પાડયા. કંપનીના ચોપડે શેર બહાર પાડવાની આમનોંધ લખો.

૬. નીચેના સંજોગોમાં મૂડી પરત અનામત ખાતે કેટલી રકમ લઈ જવામાં આવશે તેની ગણતરી કરો.

| રિડીમેબલ પ્રેફરન્સ શેર | નવા બહાર પાડેલ શેર |
|---|---|
| રૂ.૨,૦૦,૦૦૦ના રિડીમેબલ પ્રેફરન્સ શેર મૂળ કિંમતે પરત કરવાના છે. | રૂ. ૧,૫૦,૦૦૦ના નવા શેર મૂળ કિંમતે બહાર પાડવાના છે. |
| રૂ.૨,૦૦,૦૦૦ના રિડીમેબલ પ્રેફરન્સ શેર ૨.૫% પ્રીમિયમે પરત કરવાના છે. | રૂ. ૧,૦૦,૦૦૦ના નવા શેર ૧૦% પ્રીમિયમે બહાર પાડવાના છે. |
| રૂ. ૩,૦૦,૦૦૦ ના રિડીમેબલ પ્રેફરન્સ શેર મૂળ કિંમતે પરત કરવાના છે. | રૂ. ૩,૦૦,૦૦૦ના નવા શેર મૂળ કિંમતે બહાર પાડવાના છે. |
| રૂ.૪,૦૦,૦૦૦ના રિડીમેબલ પ્રેફરન્સ શેર ૫% પ્રીમિયમે પરત કરવાના છે. | રૂ. ૨,૦૦,૦૦૦ના નવા શેર ૧૦% પ્રીમિયમે બહાર પાડવાના છે. |

૨ નીચેના દાખલા ગણો:

૧. આલીસા લિનું તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | રૂ. |
|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br><br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br><br>(અ) શેરમૂડી : ૯૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૫૦નો | ૪,૫૦,૦૦૦ |
| ૮ %ના રીડીમેબલ પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરપાઈ | ૧,૩૦,૦૦૦ |
| અનામત અને વધારો : નફા-નુકસાન ખાતું | ૯૬,૦૦૦ |
| (૨) ચાલુ દેવાં :<br><br>(અ) વેપારી દેવાં : લેણદારો | ૧,૧૩,૦૦૦ |
| કુલ | ૭,૮૯,૦૦૦ |
| II. મિલકતો:<br><br>(૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br><br>(૧) દૃશ્ય મિલકતો : ફર્નીચર | ૧,૦૦,૦૦૦ |
| (બ) બિનચાલુ રોકાણો | ૩૭,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | ૪,૯૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં: દેવાદારો | ૧,૦૦,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો – બેંક સિલક | ૬૨,૦૦૦ |
| કુલ | ૭,૮૯,૦૦૦ |

તારીખ ૧-૦૪-૨૦૨૫ કંપનીએ પ્રેફરન્સ શેર ૧૦% પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યું. કંપનીએ નીચેની શરતોએ પ્રેફરન્સ શેર પરત કરવાનું નક્કી કર્યું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને પાકું સરવૈયું તૈયાર કરો.

અ. રોકાણો રૂ.૩૨,૦૦૦માં વેચી દીધા.

બ. નફા-નુકસાન ખાતામાં રૂ.૨૪,૦૦૦ની બાકી રાખવાની છે.

ક. કંપનીએ જરૂરી સંખ્યામાં  રૂ.૫૦ નો એક એવા ઈક્વિટી શેર બહાર પાડયા.

૨. હરીઓમ લિ.ની નીચેની માહિતી પરથી તેમના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

હરીઓમ લિ. તેના ૨,૦૦,૦૦૦ ૧૫% ના રેડીમેબલ પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦નો ૧૦% પ્રિમીયમે પરત કરવા ઈચ્છે છે , પરત કરતા પહેલા હરીઓમ લિ.ના અમુક ખાતાઓની બાકી નીચે મુજબ હતી.

| ખાતાઓ | બાકી (રકમ રૂ.) |
|---|---|
| બેંક ખાતું | ૪૦,૦૦૦ |
| નફા નુકસાન ખાતું | ૧૨,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૮,૦૦,૦૦૦ |
| રોકાણો | ૮૦,૦૦૦ |

હરીઓમ લિ.દ્વારા ઉપર દર્શાવેલ રોકાણો ની વેચાણ કિમત ઉપર ૩૩  ૧/૩%નફો મળે તે રીતે વેચવામાં આવ્યા. કંપની પ્રેફરેન્સ શેર પરત બાદની આખરની બેંકની બાકી રૂ. ૨   ,૪૦,૦૦૦ રાખશે. કંપનીએ જરૂરી સંખ્યામાં ઇક્વિટી શેર દરેક રૂ.૧૦ નો રૂ.૧૫ના ભાવે જાહેર જનતામાં બહાર પાડયા.કંપનીએ બહાર પાડેલ શેર ઉપર બધા જ નાણાં મળેલ છે.

૩. વિક્રમ લિનું  તા. ૩૧-૦૩-૨૦૨૫ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | રૂ. |
|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળો:<br>(અ) શેરમૂડી : ૧૦ %ના રીડીમેબલ પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો, રૂ.૭૫ ભરપાઈ<br>ઈક્વિટી શેરમૂડી  દરેક રૂ. ૧૦૦નો | ૩,૦૦,૦૦૦<br>૮,૦૦,૦૦૦ |
| અનામત અને વધારો : જામીનગીરી પ્રીમીયમ | ૬૦,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૯૬,૦૦૦ |
| અનામત ફંડ | ૬૪,૦૦૦ |
| કર્મચારી નફા ભાગ ભંડોળ | ૪૦,૦૦૦ |
| ડીવીડન્ડ સમતુલા ફંડ | ૪૮,૦૦૦ |
| (૨) ચાલુ દેવાં :<br>(અ) વેપારી દેવાં : લેણદારો | ૭૨,૦૦૦ |
| કુલ | ૧૪,૮૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:<br>(અ) કાયમી મિલકતો | ૭,૨૦,૦૦૦ |
| (બ) બિનચાલુ રોકાણો | ૩,૨૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો : (અ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો – બેંક સિલક | ૨,૪૦,૦૦૦ |

| | |
|---|---|
| (બ) અન્ય ચાલુ મિલકતો | ૨,૦૦,૦૦૦ |
| કુલ | ૧૪,૮૦,૦૦૦ |

કંપની ધારા ૨૦૧૩ ની જોગવાઈઓનું પાલન કરી, કંપની તેના ૧૦% રિડીમેબલ પ્રેફરન્સ શેરનાં નાણાં ૧૦% પ્રીમિયમથી પરત કરવા માગે છે. આ હેતુ માટે કંપનીએ જરૂરી સંખ્યામાં ઓછામાં ઓછા ઈક્વિટી શેર બહાર પાડે છે.

ત્યાર બાદ કંપની ૧૦% પ્રીમિયમથી પાંચ ઈક્વિટી શેરધારકને એક ઈક્વિટી શેર બોનસ શેર તરીકે મૂડી પરત અનામત ખાતાની બાકીનો ઉપયોગ કરે છે. જરૂરી આમનોંધ લખી, પ્રેફરન્સ શેર પરત કર્યા પછીનું નવું પાકું-સરવૈયું તૈયાર કરો.

૪. ચેતના લિ.નું તારીખ ૩૧-૦૩-૨૦૨૫ નાં રોજનું પાકું-સરવૈયું નીચે પ્રમાણે છે.

| વિગત | રૂ. |
|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : ૧૫ %ના રીડીમેબલ પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો, રૂ.૬૦ભરપાઈ<br>ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦નો પૂરા ભરપાઈ | ૧,૨૦,૦૦૦<br>૬,૦૦,૦૦૦ |
| અનામત અને વધારો : સામાન્ય અનામત | ૧,૨૦,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૬૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમીયમ | ૨૦,૦૦૦ |
| (૨) ચાલુ દેવાં : (અ) વેપારી દેવાં : લેણદારો | ૮૦,૦૦૦ |
| કુલ | ૧૦,૦૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:<br>(અ) કાયમી મિલકતો | ૭,૦૦,૦૦૦ |
| (બ) બિન ચાલુ રોકાણો (દા.કિં.-૮૦,૦૦૦) | ૧,૧૪,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો: અ. માલ સામગ્રી: સ્ટોક | ૪૬,૦૦૦ |
| બ. વેપારી લેણાં: દેવાદારો | ૬૦,૦૦૦ |
| ક. રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો – બેંક સિલક | ૮૦,૦૦૦ |
| કુલ | ૧૦,૦૦,૦૦૦ |

૧-૪-૨૦૨૫ ના રોજ કંપનીએ કંપની ધારાની જોગવાઈઓનું પાલન કર્યા બાદ ૧૫% ના રિડીમેબલ પ્રેફરન્સ શેરો ૨૦% પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કર્યું. આ હેતુ માટે નફા નુકશાન ખાતે રૂ. ૫૦,૦૦૦ ની બાકી રાખીને જરૂરી નવા ૧૨% ક્યુમ્યુલેટીવ પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦ નો રૂ. ૫ ના પ્રીમિયમે બહાર પાડ્યા. બધા જ રોકાણો રૂ. ૧૮૦ ના ભાવે વેચ્યા હતા. પ્રેફરન્સ શેર હોલ્ડરોને નાણા ચૂકવ્યા. પ્રેફરન્સ શેર પરત કર્યા બાદ કંપનીએ ૩૦ ઈક્વિટી શેરદીઠ ૮ બોનસ શેર મૂળ કિંમતે આપવાનું નક્કી કર્યું. ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

૫. રામ લિ.નું તારીખ ૩૧-૦૩-૨૦૨૫ નાં રોજનું પાકું-સરવૈયું નીચે પ્રમાણે છે.

| વિગત | રૂ. |
|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : ૮ %ના રીડીમેબલ પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો, પૂરા ભરપાઈ<br>૬%ના રીડીમેબલ પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો, પૂરા ભરપાઈ-૮,૦૦,૦૦૦<br>બાદ: બાકી હપ્તા (શેર દીઠ રૂ.૨૦)- (૧૬,૦૦૦)<br>૨૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦નો પૂરા ભરપાઈ | ૧૨,૦૦,૦૦૦<br>૭,૮૪,૦૦૦<br>૨૦,૦૦,૦૦૦ |
| અનામત અને વધારો : જામીનગીરી પ્રીમીયમ | ૧,૪૦,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૪,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૨,૧૦,૦૦૦ |
| (૨) ચાલુ દેવાં :<br>(અ) વેપારી દેવાં : લેણદારો | ૩,૦૦,૦૦૦ |
| કુલ | ૬૦,૩૪,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:<br>(અ) કાયમી મિલકતો | ૨૮,૨૪,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો | ૩૨,૧૦,૦૦૦ |
| કુલ | ૬૦,૩૪,૦૦૦ |

તા.૧-૦૪-૨૦૨૫ નાં રોજ કંપનીએ ઉપરોક્ત બધા રીડીમેબલ પ્રેફરન્સ શેરો ૧૫% નાં પ્રીમીયમેં પરત કરવાનું નક્કી કર્યું છે. તે માટે જરૂરી સંખ્યામાં ૧૦% પ્રીમિયમે ઈક્વિટી શેર બહાર પાડવામાં આવ્યા.

બાકી હપ્તાવાળા શેર સિવાય બધી જ ચૂકવણી કરવામાં આવી હતી. ત્યાર બાદ કંપનીએ મૂડી પરત અનામતનો ઉપયોગ કરી પૂરેપૂરો ભરપાઈ બોનસ શેરો ઈકવીટિ શેર હોલ્ડરોને આપ્યા. જરૂરી આમનોંધ લખો.